# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-08-2024 Evening : 7.50 to 8.00 PM
Day : Saturday National News

આકાશવાણી- સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળના વાયનાડમાં રાહત શિબિરની મુલાકાત લીધી – હોસ્પિટલમાં ઇજાગ્રસ્તોના ખબરઅંતર પૂછ્યા
- રાજસ્થાન વડી અદાલતના 70મા સ્થાપના દિવસની ઉજવણીમાં ઉપરાષ્ટ્રપતિએ દેશવિરોધી અભિયાન ચલાવનારા લોકોથી સાવચેત રહેવા કહ્યું
- દેશમાં ઇથેનૉલના ઉત્પાદન માટે ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણ અપનાવવા કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહનો આગ્રહ
- કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને તમામ બેન્કને કોર બેન્કિંગ પર વિશેષ ધ્યાન આપવા પર ભાર મુક્યો છે.
- વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ બાંગ્લાદેશ સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઓબૈદુલ હસને રાજીનામું આપવાનો નિર્ણય કર્યો
- પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતીય કુશ્તીબાજ રીતિકા હુડા મહિલાઓની 76 કિલો ફ્રી-સ્ટાઈલ ઇવેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં હારી ગયાં

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM KERALA-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સમગ્ર દેશ અને કેન્દ્ર સરકાર કેરળના વાયનાડમાં ભૂસ્ખલનની ઘટનામાં અસરગ્રસ્ત થયેલા લોકોને પડખે છે. પ્રધાનમંત્રી આજે ભુસ્ખલનથી અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધા પછી ઈજાગ્રસ્તોને મળ્યા હતા. પ્રધાનમંત્રીએ રાજ્ય સરકારને રાહતકાર્યમાં મદદ કરવા માટે શક્ય તમામ સમર્થનની ખાતરી આપી હતી.

વાયનાડ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠકને સંબોધતા અવલોકન કર્યું કે, અસરગ્રસ્ત લોકોના ભવિષ્ય અને સ્વપ્નોને મદદ કરવી અને તેનું પુનઃનિર્માણ કરવું એ સમાજની જવાબદારી છે. શ્રી મોદીએ મુખ્યમંત્રીને રાજ્યની જરૂરિયાતો અંગે વિગતવાર માહિતી મોકલવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ ભૂસ્ખલનથી અસરગ્રસ્ત બાળકોના ભવિષ્ય માટે લાંબાગાળાની યોજના ઘડવા પણ કહ્યું હતું.

દરમિયાન શ્રી મોદીએ વર્ષ 1979માં મોરબી ડેમના ભંગાણ દરમિયાન પોતાના અંગત અનુભવનેયાદ કરતા કહ્યું કે, લોકોને પડતી મુશ્કેલીઓનો તેઓ સરળતાથી સંપર્ક કરી શકે છે. ઉલ્લેખનીય છે કે,આ બેઠકમાં રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, કેબિનેટ સબ-કમિટીના રાજ્યમંત્રીઓ અને રાજ્યસરકારના વરિષ્ઠ અધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# PM KERALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેરળના વાયનાડમાં રાહત શિબિરની મુલાકાત લીધી હતી. દરમિયાન શ્રી મોદીએ ભૂસ્ખલનથી પીડિત લોકો સાથે વાત કરી. તેમ જ દુર્ઘટનામાં માતાપિતાની છત્રછાયા ગુમાવનારા 2 વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રીએ સાંત્વના પાઠવી હતી. પ્રધાનમંત્રીએ મેપ્પાડીની હૉસ્પિટલમાં સારવાર હેઠળ ઈજાગ્રસ્તો સાથે પણ વાત કરી હતી. આ પહેલા પ્રધાનમંત્રીએ ભૂસ્ખલનથી સંપૂર્ણ રીતે અસરગ્રસ્ત ચૂરલમાલા અને મુંડક્કઈની પણ મુલાકાત લીધી હતી.

શ્રી મોદીએ ચૂરલમાલામાં સેનાએ બનાવેલા બેલી બ્રિજની મુલાકાત લઈ સેના, વિશેષ અભિયાન સમૂહ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો. પ્રધાનમંત્રીએ કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, મુખ્યમંત્રી પિનરાઈ વિજયન્, પ્રવાસન, પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપી સાથે મળી આજે પંચિરિવટ્ટમ, મુંડક્કઈ અને અટ્ટામાલાના ભૂસ્ખલન અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું.

# VICE PREZ ON CONSPIRACY

પાડોશી દેશમાં જે થયું તે આપણા દેશમાં પણ થવાની અફવા ફેલાવનારા લોકોથી સાવચેત રહેવા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે. ઉપ-રાષ્ટ્રપતિએ જોધપુરમાં રાજસ્થાન વડી અદાલતની પ્લેટિનમ જયંતિ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં દેશભરથી આવેલા ન્યાયાધીશો અને વકીલોને સંબોધન કરતા આ મુજબ જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, દેશમાં કેટલાક લોકો ષડયંત્ર હેઠળ એવી ખોટી વાત ફેલાવી રહ્યા છે કે, આપણા પાડોશી દેશમાં તાજેતરમાં જે ઘટના સર્જાઈ તેવી આપણા દેશમાં પણ થશે. આવી અફવા ફેલાવનારા લોકોથી સાવચેત રહેવા ઉપરાષ્ટ્રપતિએ લોકોને અપીલ કરી છે. તેમણે કહ્યું, આવા લોકો પોતાના જીવનમાં ઉચ્ચપદ, સાંસદ અને મંત્રી પણ રહ્યા છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, રાષ્ટ્રહિત સર્વોપરી હોવાથી તેમની સાથે કોઈ બાંધછોડ ન કરી શકાય.

# AMIT SHAH ETHANOL

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે શેરડી સિવાય મકાઈ, ચોખા, ફળની છાલ અને વાંસના ઉપયોગથી ઇથેનૉલ ઉત્પાદન માટે બહુપરિમાણીય અને ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણ અપનાવવાનો આગ્રહ કર્યો છે. નવી દિલ્હીમાં આજે રાષ્ટ્રીય સહકાર ખાંડ મિલ સંઘના કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી શાહે કહ્યું, ઇથેનૉલ ઉત્પાદન એક લાભદાયી અને વ્યવહારીક વ્યવસાય છે. તેમણે કહ્યું, દેશને આવનારા સમયમાં એક હજાર કરોડ લીટર ઇથેનૉલની જરૂર પડશે.

શ્રી શાહે ઉંમેર્યું, સરકાર પેટ્રોલમાં ઇથેનૉલ મિશ્રણની મર્યાદા વધારી રહી છે. સરકારે વર્ષ 2030 સુધીમાં પેટ્રોલમાં 20 ટકા ઇથેનૉલ મિશ્રણનો લક્ષ્યાંક રાખ્યો છે. આને વધારીને 26 ટકા કરાશે. કેન્દ્રીય સહકારમંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલના કારણે એક વૈશ્વિક જૈવ ઈંધણ ગઠબંધનની સ્થાપના કરવામાં આવી છે. આનાથી ઇથેનૉલ નિકાસની તક ઉત્પન્ન થશે અને પ્રત્યક્ષ રીતે ખેડૂતોને લાભ થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો.

# SITHARAMAN MEETING

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને તમામ બેન્કને કોર બેન્કિંગ પર વિશેષ ધ્યાન આપવા પર ભાર મુક્યો છે. આજે નવી દિલ્હીમાં ભારતીય રિઝર્વ બેન્કના કેન્દ્રીય નિદેશક મંડળની બેઠકને સંબોધિત કરતાં નાણામંત્રીએ તમામ બેન્કને બેન્કમાં રહેલી થાપણ અને ધિરાણની રકમ સંબંધિત મુખ્ય કાર્યોને પ્રાથમિકતા આપવા કહ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું, બેન્ક વ્યાજદર પર નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે. થાપણ અને ધિરાણ પર વ્યાજદર નિયંત્રિત રહે છે. નાણામંત્રીએ કહ્યું, સરકાર લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા બેન્કિંગ નિયમ સુધારા લાવી રહી છે. આ સુધારામાં સહકારી બેન્કિંગ ક્ષેત્ર સંબંધિત મહત્વપૂર્ણ પુનઃર્ગઠન સુધારા પણ સામેલ છે.

સૌથી મહત્વપૂર્ણ સુધારાઓમાંનો એક ડેટા રિપોર્ટિંગ સુધારો છે. આ અધિનિયમ નિયમનકારી અનુપાલન માટે દર મહિનાના બીજા અને ચોથા શુક્રવારથી 15મી અને છેલ્લી તારીખમાં બેન્કોની રિપોર્ટિંગ તારીખો બદલવાની જોગવાઈ કરે છે.કેન્દ્રીય નાણા રાજ્યમંત્રીએ પંકજ ચૌધરીએ બેન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 લોકસભામાં રજૂ કર્યું હતું.

# BANGLADESH CJ RESIGN

બાંગ્લાદેશ સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઓબૈદુલ હસને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. આજે સવારે વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન દરમિયાન તેમને અને એપેલેટ વિભાગના ન્યાયાધીશોને બપોરે એક વાગ્યા સુધી રાજીનામું આપવાનો સમય આપ્યો હતો. સર્વોચ્ચ અદાલત પરિસરમાં ન્યાયમૂર્તિએ માધ્યમોને જણાવ્યું કે, તેઓ રાષ્ટ્રપતિને રાજીનામું સોંપશે. વિરોધ કરતા વિદ્યાર્થીઓએ રાજીનામું ન આપે તો ન્યાયાધીશોના આવાસનો ઘેરાવ કરવાની ધમકી આપી હતી.

તો આ તરફ આવામીલીગના સંયુક્ત મહાસચિવ મહબુબુલ આલમ હનીફે સોશિયલ મીડિયાની એક પોસ્ટમાં પ્રૉફેસર મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

દરમિયાન તેમણે આ સરકારને દેશમાં ચાલી રહેલી લૂંટ, હત્યા, આગચંપીની ઘટનાને રોકવા કડક પગલાં ભરવાનો આગ્રહ કર્યો હતો. આ બધાની વચ્ચે ગઈકાલે ઢાકા મહાનગર પોલીસ – DMP હેઠળ આવતા 50 પોલીસમથકમાંથી 29 પોલીસમથકની સેવા પુર્વવત્ કરવામાં આવી છે. જ્યારે અન્ય 21 પોલીસમથકનું કામ હજી સુધી શરૂ નથી થઈ. આ પહેલા બુધવારે નવનિયુક્ત પોલીસ મહાનિરીક્ષક મોહમ્મદ મૈનુલ ઈસ્લામે 25 કલાકમાં પોલીસમથક પર કામ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો.

# PARIS OLYMPICS

પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતીય કુશ્તીબાજ રીતિકા હુડા મહિલાઓની 76 કિલો ફ્રી-સ્ટાઈલ ઇવેન્ટની ક્વાર્ટર ફાઇનલમાં હારી ગયાં છે. તેમનો સામનો કિર્ગિસ્તાનના ટોચનાં ક્રમાંકિત મેડેટ કિઝીઆઈપેરી સામે થયો હતો. જ્યારે ગોલ્ફમાં અદિતિ અશોક અને દીક્ષા ડાગરું પ્રદર્શન ગઈકાલે સારું નહતું રહ્યું. તેઓ આજે મહિલા ઇવેન્ટમાં છેલ્લા રાઉન્ડમાં મેદાને ઉતરશે.

ઉલ્લેખનીય છે કે,ભારતે આ ઑલિમ્પિકમાં અત્યાર સુધી એક રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક મળી કુલ છ ચંદ્રક જીત્યા છે.

# PM MODI CROPS RELEASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હી ખાતેથી વધુ ઉપજ આપતી અને વાતાવરણને અનુકૂળ તેમ જ જૈવિક પોષક તત્વોના પાકની 109 જાતનું વિમોચન કરશે. આ વિવિધ જાતમાં 34 ખેતી અને 27 બાગાયતી પાકનો સમાવેશ થાય છે.

ખેતરના પાકમાં બાજરી, જુવાર, તેલીબિયાં, કઠોળ, શેરડી, કપાસ, રેસા અને અન્ય પાક સહિત વિવિધ અનાજના બીજ પણ જાહેર કરાશે. જ્યારે બાગાયતી પાકમાં વિવિધ ફળો, શાકભાજી, મસાલા, ફૂલો અને ઔષધીય વનસ્પતિઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમ દરમિયાન શ્રી મોદી ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કરશે.

# GIRIRAJSINH – BK.PALANPUR

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં એરી રેશમ ઉત્પાદન સંવર્ધન પ્રોજેક્ટનો શુભારંભ કરાવ્યો. આ પ્રોજેક્ટનો ઉદેશ્ય એરંડાના ખેડ્તો માટે ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાનો અને રાજ્યમાં રેશમ ઉત્પાદનનો વિસ્તાર કરવાનો છે.

આ પ્રસંગે સંબોધન કરતાં, શ્રી ગિરિરાજ સિંહે જણાવ્યું કે, આ પ્રોજેક્ટ રેશમ ઉદ્યોગમાં મોટી ક્રાંતિ લાવશે અને ભવિષ્યમાં આ પાલનપુર શહેર સિલ્ક સિટી તરીકે ઓળખાશે. શ્રી સિંહે કહ્યું કે, આ પ્રોજેક્ટની અસર પડોશી રાજ્ય રાજસ્થાન તેમજ યુપી અને બિહારમાં પણ જોવા મળશે.

આ પ્રસંગે એક સમજૂતી પત્રનું આદાન-પ્રદાન પણ કરવામાં આવ્યું હતું, જેમાં કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ,કેન્દ્રીય કાપડ રાજ્યમંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટા અને ટેક્સટાઇલ મંત્રાલયના સચિવ શ્રીમતી રચના શાહ તેમજ ગુજરાત સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.